## Vikas GlobalOne standalone net profit rises 93.06%

**Publication:** Surya Kaal; **Date:** 29 Oct 2015; **Edition:** Ahmedabad; **Reporter:** Bureau
**Circulation:** 20,000; **Total Area:** 165.49 sq cm; **MAV[INR]:** 27,306;**Zone:** West;**Paper Type:**Regional; **Page No.:** 7

**Vikas Global One Limited**

/



# વિકાસ ગ્લોબલવન લિમિટેડના બીજા ક્વાર્ટરના પરિણામ જાહેર

અમદાવાદ, ગુરુવાર

સ્પેશ્યાલિટી પોલિમર કમ્પાઉન્ડ અને એડિટીવ ક્ષેત્રની અગ્રણી કંપની વિકાસ ગ્લોબલ વન લિમિટેડ (વીજીએલ)એ ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ અંત પામતા બીજા ક્વાર્ટર અને અડધા વર્ષના નાણાંકીય પરિણામોની જાહેરાત કરી હતી.

કંપનીએ છેલ્લા ક્વાર્ટરમાં ૧.૭૩ કરોડ રૂપિયાની સાપેક્ષે નાણાંકીય વર્ષ ૨૦૧૬ના બીજા ક્વાર્ટરમાં ૩.૩૪ કરોડ રૂપિયાના નેટ પ્રોફિટ સાથે ૯૩.૦૬ ટકાનો તંદુરસ્ત વધારો નોંધાવ્યો હતો. ગયા વર્ષે આ સમયગાળામાં ૪૦.૮૧ કરોડ રૂપિયાની સાપેક્ષે આ વર્ષે ૩૦ સપ્ટેમ્બરે અંત થતા ક્વાર્ટરમાં ૭૬.૮૭ ટકાના વધારા સાથે ૭૨.૧૮ કરોડની કુલ આવક થઈ હતી. આવકમાં ઉછાળો મુખ્યત્વે માર્કેટ શહેરનો વધારો, ઉત્પાદન ક્ષમતાનું વિસ્તરણ, ઉત્કૃષ્ટ પ્લાનિંગ અને અમલીકરણને કારણે થયો હતો. નાણાંકીય વર્ષ ૨૦૧૬ના બીજા ક્વાર્ટરમાં વ્યાજ, ટેક્સ, અવમૂલ્યન અને ઋણમુક્તિ (ઈબીઆઈટીડીએ) પહેલાંની વીજીએલની આવક ૯૩.૮૬ ટકાના વધારા સાથે ૮.૫૩ કરોડ રૂપિયા થઈ હતી. નાણાંકીય વર્ષ ૨૦૧૫માં બીજા ક્વાર્ટરમાં ૪.૪૦ કરોડમાંથી નાણાંકીય વર્ષ ૨૦૧૬ના બીજા ક્વાર્ટરમાં ૮.૫૩ કરોડ સાથે કંપનીના કાર્યકારી નફામાં સુધારો થયો હતો.



કંપનીની નાણાંકીય કામગીરી વિશે વાત કરતાં વિકાસ ગ્લોબલ વન લિમિટેડના મેનેજીંગ ડિરેક્ટર વિકાસ ગર્ગે અમે અમારા પરિણામોથી ખૂબ જ સંતુષ્ટ છીએ અને તેની જાહેરાત કરવા ઉત્સુક છીએ. અમને આશા છે કે આગામી વર્ષોમાં પણ કંપની આવા જ વલણ સાથે આગેકૂચ ચાલુ રાખશે અને અમારી સંસ્થા વધુ સારી નફાકારકતા સાથે ટકાઉ વિકાસ સ્થાપિત કરવા સમર્થ હશે.